# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,    સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

---

**Activity Name: Teachers Day Celibration**
**Date: 06/09/2021**

## શિક્ષકદિન ઉજવણીનો અહેવાલ

તા.06/09/2021

શિક્ષક વર્ગમાં જ નહીં તો સમજવું
સામે બેઠેલાના જીવનમાં દુષ્કાળ જ ચાલે છે

તા.06/09/2021 ના રોજ 'સરકારી વિનયન કોલેજ, કપરાડા' ખાતે જ્ઞાનધારા અંતર્ગત 'શિક્ષકદિનની' ઉજવણી કરવામાં આવી હતી. તેનું આયોજન નીચે પ્રમાણે થયું.

ડ્રીમ ટીચર્સ રાઈટીંગ, વ્યાખ્યાન, સ્વરચિત કવિતા વાંચન/ગાયન અને ફન ગેમ્સયોજી જ્ઞાનધારા અંતર્ગત શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ ૭:૩૦થી શરૂ કર્યો. જેમાં વિદ્યાર્થીઓએ 'ડ્રીમ ટિચર્સ રાઈટિંગમાં' ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તે અંતર્ગત 'મારા સ્વપ્નના શિક્ષક' વિષય અંતર્ગત લખાણ માટે 1 કલાકનો સમય આપવામાં આવ્યો હતો. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા.

10:30 કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના કે શ્લોક થી કરી. બાદ અમારી કોલેજના આચાર્ય સાહેબશ્રી, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ જેમણે વ્યાખ્યાનમાં ભાગ લીધો હતો એવા વિદ્યાર્થીઓએ ત્રણ ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ સ્વરચિત કવિતા વાંચન/ગાયન કાર્યક્રમમાં પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સંપૂર્ણ કાર્યક્રમની આભારવિધી પન્નાબેન નિકુળિયા દ્વારા કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટીયગીત બોલી મંચીય કાર્યક્રમ પૂર્ણ થયો.

11:30 કલાકે 'ફન ગેમ્સ' કાર્યક્રમની શરૂઆત કરી. તેમાં ફુગ્ગા ફુલવવા, પારલેજી બીસ્કીટ ખાવી સંગીત ખુરશી વગેરે ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું. એમાં અમારી કોલેજનાં Bl uet oot h Speakes Song ચાલુ કરી ફન ગેમ્સની શરૂઆત થઈ. દરેક વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ફન ગેમ્સનો સમય 1 મિનિટનો હતો. તેમાં ફુગ્ગા ફુલવવાનો, ખાવાનો સમય 1 મિનિટનો હતો. આ કાર્યક્રમ ૧:૦૦ કલાકે પૂર્ણ કરવામાં આવ્યો.

આમ 'સરકારી વિનયન કોલેજ, કપરાડા' ખાતે ઉત્સાહભેર 'શિક્ષક દિનની' ઉજવણી કરવામાં આવી.

સરકારી વિનયન કોલેજ
કપરાડા., જી.વલસાડ.
આવક નં. 128
તારીખ. 7-9-2021

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Activity Name: Teachers Day Celibration**

**Date: 06/09/2021 Photographs:**






**Activity Name: Best out of Waste cmpetition**

**Date: 06/09/2021**

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

તા. 19/01/2022

## " વેસ્ટમાંથી બેસ્ટ" સ્પર્ધાનો અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના શૈક્ષણિક વર્ષ 2021-22 માં પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત આજ રોજ તા. 19/01/2022 ના રોજ 10:30 કલાકે " વેસ્ટમાંથી બેસ્ટ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ . જેમાં નવ વિદ્યાર્થીઓએ નામ નોંધાવેલ તેમાંથી પાંચ વિદ્યાર્થીઓ હાજર રહેલ અને સ્પર્ધામાં ભાગ લીધેલ. સ્પર્ધકોએ વિવિધ સામગ્રીનો ઉપયોગ કરી, ઉપયોગમાં લઈ શકાય એવી અને આકર્ષક કૃતિઓ તૈયાર કરી. પ્રાચાર્યશ્રીએ સ્પર્ધકોની કૃતિ નિહાળી અને સૌને પ્રોત્સાહન આપી શુભેચ્છાઓ પણ પાઠવી.

નિર્ણાયક તરીકે અંગ્રેજીના પ્રાધ્યાપિકા કિન્નરીબેન એ. પટેલ અને શ્રીમતી સી. એ. ચવધરી એ ભૂમિકા નિભાવી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ ધૂમ કુંતાબેન રમણભાઈ અને દ્વિતીય ક્રમ ઉદાર ભારતીબેન તુકારામભાઈ ને પ્રાપ્ત થયો. સમગ્ર સ્પર્ધાનું સંકલન અને સંચાલન ગુજરાતી વિષયના પ્રાધ્યાપકશ્રી એમ. પી. પટેલે કર્યું. આ સમગ્ર સ્પર્ધામાં પ્રા.શ્રી. કે. જી. ગામીતનો પણ સહયોગ મળ્યો.

કો-ઓર્ડિનેટર
(પ્રા. એમ. પી. પટેલ)

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

સરકારી વિનયન કૉલેજ
કપરાડા. જી. વલસાડ.
આવક નં. 13
તારીખ 19-01-2022

**Activity Name: Best out of Waste cmpetition**

**Date: 06/09/2021 Photographs:**






**Activity Name: Deshbhakti songs competition**

**Date: 06/09/2021**

Govt. Arts College, Kaparada
Inward No. : GACK/2022/24
Date : 24-01-2022

# સરકારી વિનયન કોલેજ કપરાડા,વલસાડ.

## દેશભક્તિ ગીત સ્પર્ધાનો અહેવાલ

તા: 24/01/2022

તા.24/01/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે 'સપ્તધારા' ની 'ગીત-સંગીત નૃત્યધારા' અંતર્ગત 'દેશભક્તિ ગીત સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. સંપૂર્ણ કાર્યક્રમ નું સફળ સૂત્રસંચાલન S.Y.B.A ના મિતેશભાઈ સોનાર દ્વારા કરવામાં આવ્યું. 'દેશભક્તિ ગીત સ્પર્ધા' અંતર્ગત કોલેજના કુલ 9 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સાથે 'દેશભક્તિ ગીત સ્પર્ધા' અંતર્ગત બે સમૂહગીતો પણ સ્પર્ધામાં રજુ થયા.

સ્પર્ધા ને અંતે કોલેજના પ્રાધ્યાપિકા ડૉ. મેઘના ધારણે એ પ્રોત્સાહક દેશભક્તિગીત રજુ કર્યું. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન દેવરી સાહેબ દ્વારા પ્રાસંગોચિત પ્રવચન રજુ કરવામાં આવ્યું. કાર્યક્રમની આભારવિધી T.Y.B.A ની વિદ્યાર્થીની હસુમતી ભરસટે કરી. સ્પર્ધામાં કરપટ નિર્મળાબેન પ્રથમ અને ભોયા પ્રિયંકાબેન દ્વિતીય વિજેતા કર્યા. તેમજ ગૃપ નં 2 વિજેતા ગૃપ જાહેર થયું.

સંપૂર્ણ 'દેશભક્તિ ગીત સ્પર્ધા' અંતર્ગત કોલેજ પરિવારના કુલ 92 સદસ્યોએ પોતાની સહભાગીદારી નોંધાવી.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Activity Name: Deshbhakti songs competition**

**Date: 06/09/2021 Photographs:**






Activity Name: Rangoli Competition
Date: 24/01/2022

Govt. Arts College, Kaparada
Inward No.: GACK/૨૦૨૨/ ૨૧
Date: ૨૧-૧-૨૦૨૨

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## રંગોળી સ્પર્ધાનો અહેવાલ

તા.27/01/2022

તા.27/01/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે, આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની 'રંગકલા કૌશલ્ય ધારા' અંતર્ગત 'રંગોળી સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ 10 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો. ભાગ લેનાર વિદ્યાર્થીઓના 5 ગ્રુપ બનાવવામાં આવ્યા. રંગોળી સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા સંસ્થાના પ્રાધ્યાપિકા ડૉ. મેઘના કે. ધારણે અને પ્રાધ્યાપિકા ચંદનબેન ચૌધરી એ ભજવી. સ્પર્ધાનું આયોજન 'રંગકલા કૌશલ્ય ધારા' ના કન્વીનર પ્રાધ્યાપિકા કિન્નરીબહેન એ. પટેલ દ્વારા કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમ વિજેતા ગ્રુપ 1, ભોયા પ્રિયંકા ગણેશભાઈ અને નિકુલિયા પન્ના રમેશભાઈ તથા દ્વિતીય વિજેતા ગ્રુપ 2, ભોયા સોનાલી મંગળભાઈ અને રાજપુરોહિત અરવિના માંગીલાલ થયા.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada. Dist.Valsad

Activity Name: Rangoli Competition
Date: 24/01/2022 Photographs:





**Activity Name: Drama Competititon**

**Date: 10/03/2022**

સરકાર વિનયન કોલેજ
કપરાડા.. જી.વલસાડ.
આવક નં. ...73......
તારીખ 14/03/2022

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## તા.કપરાડા જિ.વલસાડ

## શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૦૨૨

## સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત થયેલ 'નાટ્યસ્પર્ધા'અંગેનો અહેવાલ

તા.૧૦મી.ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે આચાર્યશ્રી ડૉ. ડિ.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સવારે ૧૦:૩૦ કલાકે સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત નાટક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ટી.વાય.બી.એ.(ગુજરાતી)ના વિદ્યાર્થી બહેનોએ પ્રાર્થના રજૂ કરી ત્યારબાદ સ્પર્ધાની શરૂઆત થઇ. પ્રથમ ગ્રુપદ્વારા 'કોરોના વેક્સીનેશન જાગ્રુતિ' બીજા ગ્રુપ દ્વારા 'હું પશલો છું' અને ત્રીજા ગ્રુપ દ્વારા ' અંધશ્રદ્ધા અંગે જાગ્રુતિ' કૃતિઓની રજૂઆત થઇ. આ કાર્યક્રમને નિહાળવા ૧૨૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા સાથે કૉલેજનો સમગ્ર સ્ટાફ પણ હાજર રહ્યો હતો સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. મેઘના ધારણે અને પ્રા. અનિષભાઇ સી. ગામીતે ફરજ નિભાવી. સ્પર્ધાના અંતે આચાર્યશ્રી દ્વારા પ્રસંગને અનુરૂપ વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું વિડિઓ રેકોર્ડિંગ અને ફોટોગ્રાફિ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે કાર્યક્રમની આભારવિધિ વિદ્યાર્થી સોનાર મિતેશે કરી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિદ્યાર્થી ભોયા આનંદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નાટ્ય સ્પર્ધામાં ગૃપ-૨ની કૃતિ ' હું પશલો છું' ને પ્રથમ અને ગૃપ-૩ની કૃતિ 'અંધશ્રદ્ધા અંગે જાગૃતિ' ને દ્વિતિય ક્રમ મળ્યો હતો. વિજેતા ટીમોને કોલેજના આચાર્યશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad

**Activity Name: Drama Competititon**

**Date: 10/03/2022 Photographs:**

**:**





**Activity Name: Dance competition**
**Date: 24/03/20222**

# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડપિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

---

GACK/2022/[illegible]/158 DATE: 24/03 /2022

## સપ્તધારાની ગીત-સંગીત નૃત્યધારા અંતર્ગત નૃત્યસ્પર્ધા

તા.24/03/2022

તા.24/03/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા, ખાતે સપ્તધારાની ગીત-સંગીત નૃત્યધારા અંતર્ગત 'નૃત્યસ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું. નૃત્ય સ્પર્ધામાં કુલ ચાર ગૃપ સહભાગી થયા. ચાર ગૃપમાં ગરબો, કોળીનૃત્ય (મરાઠી), પીરામીડ અને ઈન્ડીયાવાલે નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા.

નૃત્ય સ્પર્ધામાં મરાઠી કોળી નૃત્યની કૃતિ પ્રથમ વિજેતા અને પીરામીડ ગૃપ દ્વિતીય વિજેતા ઠર્યા. સ્પર્ધામાં ડૉ. કિરણભાઈ ગામીત અને પ્રા. અનેશભાઈ ગાંમિત નિર્ણાયકની ભૂમિકામાં રહ્યા. સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્રસંચાલન મિતેશભાઈ સોનારે અને આભારવિધી દાહવડ એકનાથ ભાઈએ પૂર્ણ કરી.

સ્પર્ધા અંતર્ગત સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવ્યા. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારના કુલ 86 સદસ્યોએ પોતાની સહભાગીદારી નોંધાવી. સરકારી વિનયન કોલેજ કપરાડા, ખાતે સપ્તધારાની ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત 'નૃત્યસ્પર્ધા' સફળ રીતે સંપન્ન થઈ.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Activity Name: Dance competition**
**Date: 24/03/20222 Photographs:**






**Activity Name: Inter class Vollyball Competition**

**Date: 21/01/2022**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## સપ્તધારા અંતર્ગત યોગ વ્યાયામ અને ખેલકૂદ ધારા

સરકારી વિનયન કોલેજ
કપરાડા., જી.વલસાડ.
આવક નં. ૨૧
તારીખ ૨૨.૧.૨૦૨૨

વોલીબોલ આંતર ક્લાસ સ્પર્ધા

તા. ૨૧/૦૧/૨૦૨૨

### <u>વોલીબોલ આંતર ક્લાસ સ્પર્ધા અહેવાલ</u>

તા. ૨૧/૦૧/૨૦૨૨ ના રોજ અત્રેની કોલેજમાં આંતર ક્લાસ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષના વિદ્યાર્થી ભાઇઓ/બહેનોની કુલ ૫ ટીમોએ ભાગ લીધો હતો. કોલેજનાં આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમિયાન આચાર્યશ્રી ઉપસ્થિત રહી સંપૂર્ણસ્પર્ધાની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. કોલેજના ૮૭ જેટલા વિદ્યાર્થી ભાઇઓ/બહેનો તેમજ કોલેજનો સમગ્ર સ્ટાફ પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહ્યો હતો. ફાઇનલ મેચ પ્રથમ વર્ષ ( ઇતિહાસ / સમાજશાત્ર) અને દ્વિતીય વર્ષ ( ગુજરાતી / હિન્દી) ના વર્ગો વચ્ચે રમાઇ હતી જેમાં પ્રથમ વર્ષ ( ઇતિહાસ / સમાજશાત્ર) વિજેતા અને દ્વિતીય વર્ષ ( ગુજરાતી / હિન્દી) ઉપવિજેતા રહી હતી. સંપૂર્ણ સ્પર્ધા શાંતિમય માહોલમાં પૂર્ણ થઇ હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન પી.ટી.આઇ. શ્રી સંદિપકુમાર ટંડેલે કર્યું હતું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Activity Name: Inter class Vollyball Competition**

**Date: 21/01/2022 Photographs:**




